


**ISSN Print:** 2394-7500
**ISSN Online:** 2394-5869
**Impact Factor:** 8.4
IJAR 2022; 8(11): 338-342
www.allresearchjournal.com
Received: 03-10-2022
Accepted: 04-11-2022

**ડૉ. હિના મિસ્ત્રી**
પૂર્વ વિદ્યાર્થી, તુલનાત્મક સાહિત્ય વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સૂરત, ગુજરાત, ભારત

**Corresponding Author:**
**ડૉ. હિના મિસ્ત્રી**
પૂર્વ વિદ્યાર્થી, તુલનાત્મક સાહિત્ય વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સૂરત, ગુજરાત, ભારત

# શિવાજી સાવંત કૃત મરાઠી નવલકથા 'યુગન્ધર'માં આલેખાયેલું દ્રૌપદીનું સહજીવન અને અન્ય માનવસંબંધો

**ડૉ. હિના મિસ્ત્રી**

## પ્રસ્તાવના

ભારતીય સાહિત્યના કલ્પવૃક્ષ સમા મહાકાવ્ય 'મહાભારત'ની વિશેષતા એ છે કે તે પાત્રો, પ્રસંગો, વિષયવસ્તુના વૈવિધ્યથી સમૃદ્ધ છે. રાજા-મહારાજાઓ, ઋષિ-મહર્ષિઓ, દેવી-દેવતાઓ, રાજવંશી સ્ત્રીઓ, પ્રજાસમુદાય, ધર્મી-અધર્મીઓ, સલાહકારો-મંત્રીઓ, ગુપ્તચરો, રાક્ષસો, કિન્નરો, ગંધર્વો એમ વિવિધ ભાત ઉપસાવતી પાત્રસૃષ્ટિથી 'મહાભારત' કથાગ્રંથ સભર છે. અહીં માનવસૃષ્ટિની સાથે સાથે માનવેતર સૃષ્ટિની પણ એક અનોખી ભાત પ્રગટી છે. આ વિશાળ પાત્રસૃષ્ટિમાં અનેક પાત્રો એવાં છે, જે સર્જકોને નવસર્જન કરવા માટે પ્રેરે છે. એ પાત્રો પૈકીનું સૌથી વિરલ અને ધ્યાનાકર્ષક પાત્ર એટલે 'મહાભારત'ના મહાનાયક શ્રીકૃષ્ણ. એક પ્રચલિત ઉક્તિ છે – काल: पिबति तद्रसम्। - કાળક્રમે અમુક ઘટનાઓ, પાત્રો ઝાંખા અને રસહીન થઈ જાય છે. પરંતુ પાંચ હજાર વર્ષો વીત્યાં બાદ પણ કાળ જેમાંથી રસ પી શક્યો નથી, જેને રસહીન બનાવી શક્યો નથી એવું પાત્ર છે – શ્રીકૃષ્ણ. આવા વિરલ વ્યક્તિત્વને કેન્દ્રમાં રાખીને સર્જક શ્રી શિવાજી સાવંતે 'યુગંધર'નામની મરાઠી નવલકથાનું સર્જન કર્યું છે. 'યુગંધર'નો હિન્દી અનુવાદ એમના પત્ની શ્રીમતી મૃણાલિની શિવાજી સાવંતે જ કર્યો છે. હિન્દી અનુવાદનો એમનો આ પ્રથમ જ પ્રયત્ન છે. (પ્રસ્તુત અભ્યાસમાં એ હિન્દી અનુવાદનો જ આધાર લીધો છે.)

## લેખક પરિચય

મરાઠી સાહિત્યના ખ્યાતનામ સર્જક શ્રી શિવાજી ગોવિંદરાવ સાવંતનો જન્મ ૩૧ ઓગસ્ટ, ૧૯૪૦ ના રોજ, મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લાના આજરા ગામે થયો હતો. એક નાનકડા કૃષિ કુટુંબમાં જન્મેલા શ્રી શિવાજી સાવંત વ્યવસાયે શિક્ષક હતા. સન ૧૯૬૨ થી ૧૯૭૪ દરમ્યાન એમણે કોલ્હાપુરની રાજારામ હાઈસ્કૂલમાં વાણિજ્ય શિક્ષક તરીકે સેવા બજાવી. તેઓ રમત-ગમતના શોખીન હતા. કબડ્ડી, વોલીબોલ, હૉકી વગેરે એમની પ્રિય રમતો હતી. એ ઉપરાંત, તરણ, ટેબલ-ટેનિસ અને અન્ય વ્યાયામના પણ તેમને શોખ હતો. કોલ્હાપુર જિલ્લાના કબડ્ડીના કપ્તાન તરીકે તેમણે રાષ્ટ્રીય મેદાન પર ભાગ પણ લીધો હતો. વળી, રમતગમતના ઘણાં પારિતોષિકો પણ એમણે મેળવ્યાં હતા.

સન ૧૯૭૪ થી ૧૯૮૦ના છ વર્ષો દરમ્યાન એમણે મહારાષ્ટ્ર શિક્ષણ વિભાગ (પુના) દ્વારા પ્રકાશિત માસિક 'લોકશિક્ષણ'ના તંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો. ત્યાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ વાંચન, મનન, ચિંતન બાદ સાહિત્યના સર્જન તરફ વળ્યા. લાંબા સંશોધન અને અભ્યાસ બાદ એમણે 'મૃત્યુંજય' પુસ્તક લખ્યું.

'મહાભારત' મહાકાવ્યના પ્રતિભાશાળી ચરિત્રો પૈકીના એક એવા કર્ણના ચરિત્રને કેન્દ્રમાં રાખીને લખાયેલ આ ઉત્તમ પુસ્તક હિન્દી, અંગ્રેજી, કન્નડ, ગુજરાતી અને મલયાલમ ભાષાઓમાં અનૂદિત થઈ વાચકો અને સાહિત્યરસિકો દ્વારા પ્રશંસાને પાત્ર બન્યુ. મરાઠી સાહિત્યમાં શ્રી શિવાજી સાવંતનું આ પુસ્તક સીમાચિહ્નરૂપ ગણાય છે. એમણે નવલકથા અને નાટક - એમ બંને સ્વરૂપમાં 'મૃત્યુંજય'નું સર્જન કર્યું હતું. આ પુસ્તકને અનેક સાહિત્યિક પારિતોષિકો પ્રાપ્ત થયાં. 'મૃત્યુંજય'ને મરાઠી સાહિત્યના ત્રણ તથા ગુજરાતી અને બંગાળીના એક - એક પુરસ્કારો મળ્યા છે. અંગ્રેજીમાં આ પુસ્તક 'Triumph over Death' નામે પ્રકાશિત થયું છે. વળી, 'મૃત્યુંજય' નાટક પરથી એ જ શીર્ષક હેઠળ, મુંબઈની ચંદ્રલેખા સંસ્થા દ્વારા તૈયાર કરાયેલ નાટક મરાઠી રંગભૂમિ પર સતત બાર વર્ષ સુધી ભજવાતું રહ્યું હતું. શ્રાવ્ય માધ્યમ દ્વારા પણ એમની આ કૃતિને સુંદર આવકાર મળ્યો છે. જુદાં જુદાં આકાશવાણી કેન્દ્રો પરથી 'મૃત્યુંજય' નાટક અનેકવાર પ્રસારિત થયું છે. એ ઉપરાંત સન ૧૯૮૦માં એમણે સંભાજીના જીવન પર આધારિત 'છાવા' પુસ્તક લખ્યું. 'છાવા' પણ નવલકથા અને નાટક - બંને સ્વરૂપે પ્રગટ થયું. એમના અન્ય સર્જનોમાં 'અશી મને અસે નમૂને' (વ્યક્તિ ચિત્રો), 'લઢત' (દ્વિ. ખંડાત્મક ચરિત્રકથા), 'કંચન કણ', 'સંઘર્ષ', 'શેલકા સાજ' વગેરે ગણી શકાય. ૧૯૯૮માં એમણે કૃષ્ણના ચરિત્રને અનુલક્ષીને 'યુગંધર' નવલકથાનું સર્જનકાર્ય પૂર્ણ કર્યું.

૧૯૮૩માં તેઓ બરોડા સાહિત્ય સંમેલનના અધ્યક્ષ બન્યા હતા. ૧૯૯૫થી તેઓ મહારાષ્ટ્ર સાહિત્ય પરિષદના ઉપાધ્યક્ષ તરીકેની સેવા બજાવતા હતા. ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ ૭૬મા મરાઠી સાહિત્ય સંમેલન સમયે, ગોવામાં હૃદયરોગના હુમલાથી તેમનું નિધન થયું.

## નવલકથા પરિચય

'યુગંધર' નવલકથા શ્રીકૃષ્ણના ચરિત્રને કેન્દ્રમાં રાખીને લખવામાં આવી છે. શ્રી શિવાજી સાવંતે તેમની વિખ્યાત નવલકથા 'મૃત્યુંજય'ની કથનશૈલી જ આ નવલકથા 'યુગંધર'ના આલેખનમાં પ્રયોજી છે. કુલ સાત પાત્રો એક પછી એક આવીને પોતપોતાની કથા કહે છે. નવલકથાના ઉત્તરાર્ધમાં કૃષ્ણ આવીને પોતાની કથા કહે છે. ત્યારબાદ પૂર્વાર્ધમાં અન્ય છ પાત્રો, અનુક્રમે - રુક્મિણી, દારુક, દ્રૌપદી, અર્જુન, સાત્યકિ તથા ઉદ્ધવ પોતાની જીવનકથા અને એ જીવનમાં કૃષ્ણનું સ્થાન તથા મહત્ત્વ જણાવે છે. યુગંધર' નવલકથા દ્વારા, મહાભારતના મહાનાયક ભગવાન શ્રીકૃષ્ણના ચરિત્ર પરથી ચમત્કારોના પ્રસંગોને ઓગાળીને શ્રેષ્ઠ માનવ કૃષ્ણને ભાવકો સમક્ષ મૂકવાનો સંનિષ્ઠ અને સફળ પ્રયત્ન શ્રી શિવાજી સાવંતે કર્યો છે. અહીં કૃષ્ણ ભગવાન તરીકે નહિ, એક શ્રેષ્ઠ, બુદ્ધિશાળી, નીતિમર્મજ્ઞ વ્યક્તિ તરીકે વધુ ચિત્રિત થયા છે. દરેક રીતે ઉત્તમ મનુષ્ય તરીકે કૃષ્ણને પ્રસ્તુત કરવાનો શ્રી સાવંતનો આ પ્રયત્ન ખરેખર પ્રશંસાને પાત્ર છે. De-mythification નો આ પ્રયત્ન આધુનિક, માનવીય વલણ દાખવનારો છે.

કૃષ્ણની સાથે સાથે અન્ય છ પાત્રોનું ચરિત્ર ચિત્રણ પણ સુપેરે થવા પામ્યું છે. એ છ પાત્રો પૈકીનું એક પાત્ર એટલે દ્રૌપદી. દ્રૌપદી એકમાત્ર એવી સ્ત્રી છે, જે કૃષ્ણની મૈત્રી પામી શકી છે. કૃષ્ણ-દ્રૌપદીના સખ્ય દ્વારા મહાભારતકારની જેમ જ લેખક શ્રી શિવાજી સાવંતે પણ સ્ત્રી અને પુરુષ વચ્ચેનો એક સૌજન્યપૂર્ણ અને ઉત્તમ સંબંધ દર્શાવ્યો છે. નવલકથાની શરૂઆતમાં જ, પ્રસ્તાવનામાં શ્રી શિવાજી સાવંત કહે છે, "श्रीकृष्ण के सखा अनेक, गुरु दो, बहनें तीन, दो माता-पिता, आठ पत्नीयाँ, अस्सी पुत्र और चार पुत्रीयाँ थीं - किन्तु सखियाँ दो ही थीं - पहली राधा और दूसरी द्रौपदी। सखी द्रौपदी से उसने स्त्रीत्व के जीवन-सत्य के विषय में संवाद किया। गोप-सखी राधिका और पांडव-सखी द्रौपदी किसी भी लौकिक संकल्पना की पकडमें न आनेवाली दो छोर की भाव-सखियाँ हैं।"[૧] કૃષ્ણકેન્દ્રી નવલકથા હોવા છતાં દ્રૌપદીનું ચરિત્ર, જીવન, સંબંધો અહીં અસરકારક રીતે આલેખન પામ્યાં છે. સાડા નવસો પૃષ્ઠોમાં આલેખાયેલી નવલકથામાં લગભગ સો જેટલા પાના સુધી વિસ્તરેલી દ્રૌપદીની કથા એક સ્વતંત્ર કૃતિ તરીકે માણી અને મૂલવી શકાય એ રીતે આલેખન અને વિસ્તરણ પામી છે.

## દૈહિક વ્યવહાર - પાંચ પતિ સાથેનું સહજીવન

દ્રૌપદીના જીવનનની અતિ વિરલ, અસામાન્ય અને મૂંઝવી નાંખે એવી ઘટનાઓમાંની એક એટલે પાંચ પુરુષ સાથેના એનાં લગ્ન! મોટા ભાગના સાહિત્યકારો જ્યારે મહાભારત, મહાભારતનાં અન્ય પાત્રો કે દ્રૌપદીના પાત્ર ને કેન્દ્રમાં રાખીને જ્યારે કોઈ કૃતિની રચના કરે છે ત્યારે પણ આ એક મુદ્દે વિશેષ સર્જનાત્મકતા પ્રગટ કરી શકતાં નથી. ખાસ કરીને પાંચ પાંડવો સાથેનું દ્રૌપદીનુ સહજીવન. જાણીતાં સર્જકો પણ આ ઘટનાનું આલેખન કરતી વખતે મહદંશે મહાભારતકારે લખેલી ઘટનાનું પુનઃકથન જ કરે છે. દ્રૌપદીનાં જીવનની, કહો કે કોઈ પણ નાયિકા ના જીવનની અતિ નાજુક, વિલક્ષણ અને પડકારજનક ઘટના અંગે સર્જકો ન જાણે કેમ પણ મૌન જ સેવે છે. શ્રી શિવાજી સાવંત એમાં જુદાં તરી આવે છે.

દ્રૌપદીના પાંચેય પતિ સાથેના સહજીવનની વ્યવસ્થા શ્રી શિવાજી સાવંતે 'યુગંધર'માં ખૂબ સુંદર અને ઝીણવટપૂર્વક આલેખી છે. એ આ કૃતિની અને સર્જકની વિશેષતા કહી શકાય. દ્રૌપદી સાથેના પાંડવોના સહજીવનની જે વ્યવસ્થા અહીં આલેખન પામી છે એ આપણા અભ્યાસની અન્ય કોઈ કૃતિમાં જોવા મળતી નથી. અહીં નારદજી કે અન્ય કોઈ કાલ્પનિક પાત્ર દ્વારા નહિ, પરંતુ રાજમાતા કુંતી પાંડવોના દ્રૌપદી સાથેના સહજીવનની આચારસંહિતા નક્કી કરે છે.

દ્રૌપદી પોતાના પાંચેય પતિઓને તેમની સાથેના એકાંતવાસ દરમ્યાન વધુ સારી રીતે ઓળખી શકે છે. યુધિષ્ઠિર પ્રેમાળ પતિ

કરતાં વિશેષ દાર્શનિક પુરુષ છે. જો કે, તેનામાં રાજ-અભિલાષા પણ છે. ઇન્દ્રપ્રસ્થના રાજા તરીકે દ્રૌપદીની દૃષ્ટિએ તે એનો પ્રથમ ક્રમાંકનો પતિ છે. ભીમ સાથેના એકાંતવાસ પહેલાં દ્રૌપદી થોડી ગભરાય છે. પરંતુ એકાંતવાસ દરમ્યાન તે અનુભવે છે કે વિશાળકાય ભીમનું અંત:કરણ એકદમ મૃદુ છે. દ્રૌપદીની દૃષ્ટિએ ભીમ એના એકાંતવાસમાં સર્વશ્રેષ્ઠ પતિ છે. પરાક્રમી હોવા છતાં ભાવુક અર્જુન ગમે ત્યારે પોતાના હથિયાર હેઠાં મૂકી દે એવો છે. પોતાનાથી ઉંમરમાં નાના નકુળ અને સહદેવ દ્રૌપદીને પતિ કરતાં વિશેષ મિત્ર જેવા જ લાગે છે. તેના પાંચેય પતિઓ એકાંતવાસમાં તેને અલગ અલગ નામથી સંબોધે છે. દ્રૌપદીના શરીરમાંથી નીકળતી નીલકમળના પરાગ જેવી મંદ સુગંધ યુધિષ્ઠિરને પ્રિય હોવાને કારણે તે દ્રૌપદીને એકાંતમાં 'હે સુગંધે' કહી સંબોધન કરે છે. ભીમસેન એકાંતમાં તેને 'સુચારુ - સુભગે' કહે છે, અર્જુન એને 'સુરેખા - શ્યામા' કહી સંબોધે છે. નકુળ દ્રૌપદીને એકાંતમાં 'યાજ્ઞસેની' નામથી અને સહદેવ 'પાંચાલી' નામથી સંબોધે છે. પોતાના પતિઓ સાથે ઇન્દ્રપ્રસ્થમાં ગાળેલા સહજીવનના એ દિવસો દ્રૌપદી માટે પ્રેમમય સ્વર્ગીય આનંદથી ભરેલા હતા.

પાંચ પતિઓ સાથે વરેલી દ્રૌપદી માટે પતિઓ સાથેના તેના સહજીવનની આચારસંહિતા બનાવવી જરૂરી હતી. આથી, ખાંડવવન આવ્યા બાદ રાજમાતા કુંતીના માર્ગદર્શન અનુસાર પાંચેય પાંડવો સાથેના દ્રૌપદીના એકાંતવાસની આચારસંહિતા તૈયાર કરવામાં આવી હતી. આ આચારસંહિતા અત્યંત ગુપ્ત હતી. આ આચારસંહિતાનો કોઇ ભંગ કરતું નહિ. એમની જ્યેષ્ઠતાના ક્રમાનુસાર દ્રૌપદી સાથેનો એમનો એકાંતવાસ નક્કી કરવામાં આવ્યો હતો. આ આચારસંહિતામાં સૌથી જટિલ સમય હતો દ્રૌપદીના ઋતુકાળનો. પાંચ ભાઇઓમાં વિભાજિત હોવાના કારણે પ્રત્યેક પતિ સાથેનો એનો એકાંતવાસ એક વર્ષમાં લગભગ બે મહિના અને બાર દિવસનો રહેતો. એની સાથે એકાંતમાં રહેવાવાળા પતિને દ્રૌપદીના ઋતુકાળની જાણકારી હોવી આવશ્યક હતી. દ્રૌપદી સાથે કયા પતિનો એકાંતવાસ ચાલી રહ્યો છે એની જાણકારી અન્ય પતિઓ માટે પણ અનિવાર્ય હતી. એના એકાંત કક્ષના દર્શનીય ભાગમાં એક સ્તંભ ઊભો કરવામાં આવ્યો હતો. ક્રમાનુસાર, જે તે પતિનું પ્રતીક શસ્ત્ર એ સ્તંભ પર ટાંગવામાં આવતું હતું. યુધિષ્ઠિર સાથેના એકાંતવાસ દરમ્યાન એ સ્તંભ પર પાંડવોના રાજદંડની પ્રતિકૃતિ લટકાવવામાં આવતી હતી. ભીમ સાથેના એકાંતવાસ દરમ્યાન એની પ્રિય ગદા, અર્જુન સાથેના એકાંતવાસ દરમ્યાન ધનુષ્ય, નકુળ સાથેના એકાંતવાસ દરમ્યાન ખડ્ગ અને સહદેવ સાથેના એકાંતવાસ દરમ્યાન મૂશળની પ્રતિકૃતિ લટકાવવામાં આવતી હતી. દ્રૌપદીની ઋતુપ્રાપ્તિની સ્પષ્ટતા કરવા માટે ત્યારે જે તે પ્રતીકચિહ્ન ઊલટું લટકાવવામાં આવતું. થોડા થોડા સમયે દ્રૌપદીના સેવક-સેવિકાઓને બદલી નાખવામાં આવતા હતા. સેવક-સેવિકાઓને એક જ વાર સેવાનો અવસર આપવામાં આવતો હતો. આટલી કાળજી રાખવા છતાં ભીમસેન કંઇક ને કંઇક ગરબડ કરી જ નાખતો હતો. સમયગણનાનું એને ધ્યાન જ રહેતું નહોતું. ક્યારેક ક્યારેક એ સમય કરતા પહેલાં જ દ્રૌપદીના કક્ષમાં જતો રહેતો. દ્રૌપદીની સેવિકા એની આજ્ઞાનુસાર કંઇ પણ બોલ્યા વિના માત્ર સ્તંભ પર ટાંગેલા ચિહ્ન તરફ અંગુલિનિર્દેશ કરી દેતી. આવું થતું ત્યારે હાસ્ય સાથે એ પાછો વળી જતો. એકાંતવાસનો પોતાનો સમય પૂરો થયાનું એને ધ્યાન જ રહેતું નહોતું. એનો સમય પૂર્ણ થયા બાદ પણ એ પોતાના બીજા ભાઇઓના બાળપણ અને વનવાસી જીવનની સ્મરણકથાઓ દ્રૌપદીને સંભળાવવામાં તલ્લીન રહેતો. એને યાદ કરાવવા માટે દ્રૌપદીએ જ કહેવું પડતું, "ધનુષ્ય વિશે તું કેમ કંઇ કહેતો નથી?"[૨] આ સંકેત સમજીને હાસ્ય સાથે ભીમ ત્યાંથી નીકળી જતો. એ જ સમયે સેવક આવીને સ્તંભ પરથી ગદા ઉતારીને ધનુષ્યનું ચિહ્ન ટાંગી દેતો. દ્યૂત બાદના બાર વર્ષના સુદીર્ઘ વનવાસ દરમ્યાન પણ તેઓ આ જ આચારસંહિતાનું પાલન કરે છે.

## દ્રૌપદી અને અન્ય માનવસંબંધો

મહાભારતકારની જેમ જ શ્રી શિવાજી સાવંતે 'યુગંધર'માં વિવિધ માનવસંબંધોની શક્યતા તપાસી છે. કૃષ્ણની સાથેના અન્ય પાત્રોની સરખામણીએ દ્રૌપદીના પાત્રના આલેખનમાં એ વિશેષરૂપે જોવા મળેછે. દ્રૌપદીના વિવિધ સંબંધોના તાણાવાણા અહીં ખૂબ સુંદર રીતે રજૂ થયા છે. પુત્રી, બહેન, પત્ની, પુત્રવધૂ, માતા, સખી તરીકેના તેના રૂપો શ્રી શિવાજી સાવંતે આ નવલકથામાં સુંદર રીતે આલેખ્યાં છે. દ્રૌપદી સ્વયં કહે છે, "વૈભવશાળી ઇન્દ્રપ્રસ્થની, અર્થાત્ અહીંના સુશીલ નગરજનોની હું આદરણીય મહારાણી હતી, પરાક્રમી પાંડવોની પ્રિય પત્ની હતી. છ આજ્ઞાંકિત પુત્રોની માતા અને રાજમાતા કુંતીની હું સર્વાધિક પ્રિય વહુ હતી. સૌથી વિશેષ તો હું દ્વારિકાધીશ કૃષ્ણની પ્રિય સખી હતી."[૩]

યજ્ઞકુંડમાંથી જન્મેલી દ્રૌપદીને તેની પાલક માતા - સૌત્રામણિ (દ્રુપદની રાણી) પ્રત્યે અપાર પ્રેમ અને માન છે. પોતાના આત્મકથનની શરૂઆતમાં જ દ્રૌપદી કહે છે, "પાંચાલ, પાંડવ, કુરુ, યદુવંશની સ્ત્રીઓનો વારંવાર ઉલ્લેખ થતો રહે છે. ક્યારેક ક્યારેક તો જરૂર કરતાં પણ વધારે. પરંતુ મને ઘડનારી મારી માતા સૌત્રામણિનો ઉલ્લેખ ક્યારેય કોઇએ ન કર્યો! શું જન્મ આપનારી જ માતા કહેવાય? જે પાલન -પોષણ કરે, સંસ્કારસંપન્ન બનાવે તેનું શું કોઇ સ્થાન નથી હોતું? જો નહિ, તો હું કહું છું - હોવું જોઇએ"[૪] દ્રૌપદીના આ ઉદ્ગારોમાં આપણને તેની માતૃભક્તિ અને માતૃપ્રેમનો ખ્યાલ આવે છે. તે આદર્શ અને પ્રેમાળ પુત્રી હતી.

દ્રૌપદી દસ ભાઇઓની એકમાત્ર બહેન હતી. શિખંડી તેનો મોટોભાઇ છે, ધૃષ્ટદ્યુમ્ન જોડિયો ભાઇ છે અને સુમિત્ર, પ્રિયદર્શન, ચિત્રકેતુ, સુકેતુ, ધ્વજકેતુ, વીરકેતુ, સુરથ અને શત્રુંજય એમ આઠ નાના ભાઇઓ છે. આ દસ ભાઇઓની એકમાત્ર બહેન દ્રૌપદીને સૌ ભાઇઓ માટે અપાર પ્રેમ છે.

ભાઈઓ સાથેના તેના જીવનના ખૂબ પ્રેમભર્યા સંસ્મરણો તેની પાસે છે. ધૃષ્ટદ્યુમ્ન જેવા પરાક્રમી ભાઈની બહેન હોવાનો તેને ગર્વ છે. ભાઈઓ અને એમની સાથે વીતાવેલા બાળપણને યાદ કરતી દ્રૌપદીનું ભગિનીરૂપ ભલે ટૂંકમાં, ઓછા શબ્દોમાં વ્યક્ત થયું હોય, પણ તેનો ભ્રાતૃપ્રેમ આપણે સ્પષ્ટ અનુભવી શકીએ છીએ.

દ્રૌપદી શ્રીકૃષ્ણની પરમ સખી છે. યુગન્ધર'મા શ્રીકૃષ્ણ અને દ્રૌપદીનો સૌજન્યપૂર્ણ મૈત્રીસંબંધ વિસ્તારથી આલેખન પામ્યો છે. દસ ભાઈઓની એકમાત્ર બહેન દ્રૌપદી દ્વારિકાધીશ કૃષ્ણને પોતાનો શ્રેષ્ઠ ભ્રાતા માને છે. છતાં, તે પોતે જ કહે છે, "કૃષ્ણ મારો શ્રેષ્ઠ ભાઈ હતો. એથીય વિશેષ એ મારો મિત્ર હતો."[૫] કૃષ્ણ જ તેને સૌથી પહેલા 'કૃષ્ણા' નામથી સંબોધે છે. નીલવર્ણ કૃષ્ણ સાથે મળતું આવતું હોવાને કારણે દ્રૌપદીને એ નામ પ્રિય હતું. દ્રૌપદીના જીવનની લગભગ દરેક મહત્ત્વપૂર્ણ ઘટનાઓમાં કૃષ્ણની હાજરી અને મહત્તા જોઈ શકાય છે. સ્વયંવરસભામાં બધા રાજવીઓની નિષ્ફળતા બાદ જ્યારે કૃષ્ણના નામની ઘોષણા થાય છે, ત્યારે દ્રૌપદી શરમને બાજુ પર મૂકીને કૃષ્ણને જુએ છે. સુ-દર્શન કૃષ્ણને જોઈને તે રોમાંચિત થઈ જાય છે. પરંતુ કૃષ્ણના મનમાં એના માટેની અભિલાષા નથી. કૃષ્ણની આંખોમાં દ્રૌપદીને સ્ફટિક જેવો સ્વચ્છ, ભ્રાતૃભાવથી વિશેષ કોઈક ભાવ નજરે ચડે છે. અનેક પ્રયાસો બાદ પણ દ્રૌપદી એ ભાવને તે સમયે સમજી શકતી નથી. પરંતુ પહેલી જ મુલાકાતથી કૃષ્ણ સાથે બંધાઈ ગયેલી આત્મીયતાને કારણે જ તે તેને સખા માને છે. એકવાર દ્રૌપદી એમને પૂછે છે, "હે દ્વારિકાધીશ, મેં સાંભળ્યું છે, પોતાના જીવનમાં આવેલી સ્મરણીય વ્યક્તિઓ માટે તેં દ્વારિકામાં સ્વર્ણિમ પગથિયાવાળું સ્મારક બનાવ્યું છે. અનેક લોકોના મોઢે મેં એ શ્રીસોપાનની ખ્યાતિ સાંભળી છે. સાંભળ્યું છે કે વધતાં પગથિયાંને કારણે એ ખૂબ ઊંચું થઈ ગયું છે. હે કૃષ્ણ, તેં ક્યારેય કહ્યું નથી, આથી હું જ તને પૂછી લઉં - શું તારા એ સ્વર્ણિમ શ્રીસોપાનમાં આ વનવાસી, અપમાનિત સખીના નામનું કોઈ પગથિયું છે ખરું?"[૬] દ્રૌપદીના આ પ્રશ્નનો ખૂબ સુંદર જવાબ આપતાં કૃષ્ણ કહે છે, "કૃષ્ણા, તને કોણે કહ્યું કે એવું એક જ સ્મારક છે? તું તો સખી છે. જરા વિચાર તો કર, શું અન્ય કોઈ શ્રીસોપાન પણ હોઈ શકે ખરું? જો હોય તો તારા નામનું રત્નજડિત પગથિયું કયા ક્રમે હશે? "[૭] કૃષ્ણની એ વાત સાંભળી દ્રૌપદી મૂંઝાઈ જાય છે. તે વિચારવા લાગે છે ત્યારે કૃષ્ણ એને જવાબ આપતાં કહે છે: "નથી ખ્યાલ આવતો? તું ભોળી છે, શ્યામા. બીજું સ્મારક તારા સખાના અંતઃકરણમાં છે! એમાં તારા પગથિયાનો ક્રમ તારે પોતે જ નક્કી કરવાનો છે - બીજા કોઈએ નહિ, મારે પણ નહિ!"[૮] આ સંવાદમાં આપણે કૃષ્ણના મનમાં દ્રૌપદીનું અને મૈત્રીનું સ્થાન સ્પષ્ટ જોઈ શકીએ છીએ.

દ્રૌપદી આદર્શ પત્ની છે. તે સાચા અર્થમાં ગૃહસ્થ નારી છે. જીવનમાં એક વાર સ્વીકારેલા પાંચ પતિઓને તે પૂર્ણપણે વફાદાર રહે છે. સૌ પ્રત્યે તે કર્તવ્યનિષ્ઠ રહે છે. ઇન્દ્રપ્રસ્થનો રાજમહેલ હોય કે કામ્યકવનનું વનવાસી જીવન, દ્રૌપદીની પતિનિષ્ઠામાં કે પતિ પ્રત્યેના સેવાભાવમાં ક્યાંય ઓટ આવતી નથી. દ્યૂતસભામાં પોતાનું અપમાન મૂંગા મોઢે સહન કરનાર પતિઓ પર તેને રોષ અવશ્ય થાય છે. પરંતુ હૃદયના ઊંડાણથી તે તેના પતિઓને ચાહે છે. પતિઓની વ્યથા, અપમાન, દુઃખથી તે સ્વયં પણ વ્યથિત થઈ જાય છે. અજ્ઞાતવાસમાં વિરાટરાજાની સેવા કરતા પતિઓને જોઈને, તેમની સ્થિતિ અને દુઃખ બદલ તે સ્વયં દુઃખ અનુભવે છે. પતિઓની દરેક આજ્ઞા પાળે છે. દ્યૂતસભાના દુઃખદ બનાવ બાદ પણ પતિઓની સેવામાં કે પતિનિષ્ઠામાં ક્યાંય કચાશ દાખવતી નથી એ ખરેખર તેની પતિભક્તિ અને આદર્શ પત્નીત્વનું જ લક્ષણ ગણી શકાય. દરેક પતિની અન્ય પત્નીઓને પણ તે જે રીતે પ્રેમપૂર્વક સાચવે અને સંભાળે છે તેમાં પણ તેનું આદર્શ પત્નીત્વ અનુભવાય છે. પાંચ પતિની પત્ની દ્રૌપદીની અગિયાર સપત્નીઓ છે. ક્યારેય ન મળેલી હિડિંબાને બાદ કરતાં પોતાની અન્ય દસ સપત્નીઓ સાથેનો તેનો વ્યવહાર પ્રેમ અને માન ભરેલો છે. કોઈ પણ સપત્નીને તે ક્યારેય શોક્ય ભાવ અનુભવવા દેતી જ નથી. ઓછાબોલી ભાનુમતી સાથે પણ કોઈક ને કોઈ વાતો પૂછીને, અવનવી વાતો કરીને તેની સાથે સખ્ય કેળવવાનો પ્રયત્ન કરતી રહે છે. અર્જુનની અંતિમ પત્ની સુભદ્રા કૃષ્ણની બહેન હોવાથી તેને વિશેષ પ્રિય છે. એને તે પોતાની નાની બહેનની જેમ રાખે છે. યુદ્ધ દરમ્યાન તો સુભદ્રા સાથે તેને અનન્ય મૈત્રી થઈ જાય છે.

દ્રૌપદી રાજમાતા કુંતીની સંસ્કારસંપન્ન અને આજ્ઞાંકિત પુત્રવધૂ છે. પોતાની સાસુ માટે તેને પૂર્ણ માન છે. પરણ્યાના પહેલા દિવસથી જ તે સાસુની દરેક આજ્ઞા માને છે. કુંતીના પ્રભાવશાળી વ્યક્તિત્વની તે પ્રશંસક છે. એમના પર તેને પૂર્ણ શ્રદ્ધા પણ છે. દ્યૂતસભામાં થયેલા અપમાન બાદ દ્રૌપદી કુંતી પાસે આવીને તેમના ખોળામાં માથું મૂકી ખૂબ રડે છે. તે સમયે કુંતીનો સ્નેહાળ સ્પર્શ તેને પોતાની માના સ્પર્શ જેવો જ લાગે છે. પુત્રવધૂના દુઃખ, અપમાન, વ્યથાને કુંતી સારી રીતે સમજી શકે છે. દ્રૌપદીને પણ માતા કુંતી સાસુ કરતાં માતા જેવી જ વિશેષ લાગે છે. આ જ વાત તે વનપર્વમાં સત્યભામાને પણ કહે છે, "ગૃહસ્થ નારીના જે કર્તવ્યો મારાં સાસુજીએ મને સમજાવ્યાં છે, એનું હું ધ્યાનપૂર્વક પાલન કરું છું. મેં ક્યારેય એમની અવજ્ઞા કરી નથી. રાજમાતા કરતાં તે મને મારી માતા જેવી જ લાગે છે."[૯] દ્રૌપદીના આ વાક્યોમાં સાસુ કુંતી પ્રત્યેનો તેનો આદર અને પ્રેમ બંને જોવા મળે છે. ઇન્દ્રપ્રસ્થના રાજ્યાભિષેક વખતે મહર્ષિ વ્યાસે તેને કહ્યું હતું કે તું હસ્તિનાપુરની પણ પુત્રવધૂ છે, આ વાત ક્યારેય ભૂલતી નહિ. દ્રૌપદી આ વાતને હંમેશાં સ્મરણમાં રાખે છે; પરંતુ માત્ર એકવાર જ ભૂલી જાય છે. મય દ્વારા નિર્મિત ચમત્કારિક સભા જોતાં દુર્યોધન ભ્રમિત થઈને

જળાશયમાં પડે છે, ત્યારે તે દુર્યોધનની મશ્કરી કરે છે. આ મજાક કરતી વખતે તે ભૂલી જાય છે કે પોતે હસ્તિનાપુરની પણ પુત્રવધૂ છે. જો કે, તરત જ તેને પોતાની ભૂલ સમજાય છે. પોતાની આ ભૂલ માટે તે સ્વયંને કદી ક્ષમા આપી શકતી નથી.

દ્રૌપદીનો માતૃપ્રેમ અને માતૃરૂપ પણ નવલકથાકારે સુંદર અને સહજ રીતે આલેખ્યું છે. એ પાંચ પુત્રોની માતા છે. જો કે, સુભદ્રા-પુત્ર અભિમન્યુને પણ પોતાનો પુત્ર ગણતી દ્રૌપદી પોતાને છ પુત્રોની માતા ગણાવે છે. પોતાના દરેક પુત્રની બાળસહજ વિશેષતાઓની વાત કરતી દ્રૌપદી લાક્ષણિક માતા છે. સાથે સાથે જ, તે એક જવાબદાર માતા છે. પાંચ પતિઓની પત્ની હોવાથી પોતાના પુત્રોને પણ તે એ રીતે ઉછેરે છે કે જેથી તેમના પિતા કે માતા અંગે કોઈ પણ પુત્રને પ્રશ્નો ન થાય. પાંચેય પુત્રોની એકતા ક્યાંય નષ્ટ ન થાય, કોઈ એમનામાં ફૂટ ન પડાવે, એ માટે તે આગ્રહપૂર્વક દરેક પુત્રને શીખવે છે કે તે પાંચેય પાંડવોને 'તાત' કહીને જ બોલાવે. તેના આગ્રહથી તેનો દરેક પુત્ર 'પાંડવ પુત્ર' તરીકે જ ઓળખાય છે; યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુળ કે સહદેવ-પુત્ર તરીકે નહિ.

ઈન્દ્રપ્રસ્થની મહારાણી તરીકે નગરજનો તેને ખૂબ આદર આપે છે. વનવાસ દરમ્યાન પણ દ્રૌપદી કદી ભૂલતી નથી કે પોતે ઈન્દ્રપ્રસ્થની મહારાણી છે. આથી જ, પોતાનાથી શક્ય બને એ રીતે તે સ્વજનોને ઉપહાર સ્વરૂપે વિવિધ ફળોની ટોપલી મોકલતી રહે છે. ઈન્દ્રપ્રસ્થની મહારાણી તરીકેના પોતાના વ્યક્તિત્વ ઘડતરનું શ્રેય તે પોતાની સાસુ માતા કુંતીને અને સખા કૃષ્ણને આપે છે.

## ઉપસંહાર

શ્રી શિવાજી સાવંત કૃત 'યુગન્ધર' માં માત્ર સો પૃષ્ઠોમાં વિસ્તરેલી દ્રૌપદીની કથામાં એનું જીવન, એનાં સંબંધો અને એનું ચરિત્ર ખૂબ ઝીણવટપૂર્વક અને સુંદર રીતે આલેખન પામ્યાં છે. એક ભારતીય સ્ત્રી, રાજરાણી દ્રૌપદી અને એનાં જીવન સાથે સંકળાયેલાં વ્યક્તિગત, સામાજિક, રાજકીય તમામ સંબંધો સર્જકે સુપેરે આલેખ્યાં છે. એનો માતૃપ્રેમ, ભ્રાતૃપ્રેમ, પુત્રપ્રેમ સાસુ સાથેની આત્મીયતા, સપત્નીઓ સાથેની મિત્રતા અને પ્રેમપૂર્વકનો વ્યવહાર જે આ કૃતિમાં વર્ણન પામ્યો છે તે અન્ય ક્યાંય આટલો વિસ્તૃત રીતે વર્ણવાયેલો જોવા મળતો નાથી. દ્રૌપદીનાં જીવનની સૌથી વિરલ ઘટના અને પડકારજનક સંબંધ પાંચ પતિઓ સાથેનું એનું સહજીવન લેખકે ઉત્કૃષ્ટ રીતે આલેખ્યું છે. એમાં આપણને સર્જકની ઉત્તમ સર્જકતાનાં દર્શન થાય છે. દ્રૌપદી અને કૃષ્ણની મૈત્રી પણ સર્જકે વિશેષ રીતે આલેખી છે. પોતાની રક્ષા કરનાર કૃષ્ણ માટે દ્રૌપદીને શ્રદ્ધા, માન અને પ્રેમ છે. વનવાસ દરમ્યાન પોતાની પર્ણકુટિમાં મોરપિંછ રાખીને શિવસ્તવન બાદ કૃષ્ણસ્તવન કરતી દ્રૌપદીના જીવનમાં કૃષ્ણ ભગવાન તરીકે બિરાજે છે. છતાં, તેમનો પાર્થિવ સંબંધ તો મિત્રતાનો જ રહે છે. સવારે ઊઠીને ઈષ્ટદેવતાના નામસ્મરણની સાથે જ કૃષ્ણનું સ્મરણ કરતી દ્રૌપદીના આધ્યાત્મિક જગતમાં કૃષ્ણ એનો તારણહાર ભગવાન જ છે. છતાં, તે જ્યારે પ્રત્યક્ષ કૃષ્ણને મળે છે ત્યારે તો કૃષ્ણની સખીરૂપે જ મળે છે. એક સ્ત્રી અને એની સાથે સંકળાયેલા તમામ સંબંધોની શક્યતા શ્રી શિવાજી સાવંતે 'યુગંધર' માં દ્રૌપદીના પાત્ર દ્વારા ચકાસી જોઈ છે. એમના એ વિશેષ પ્રયત્ન અને અપ્રતિમ સર્જકતાના પરિણામ સ્વરૂપે આપણને નારી, એનાં વિસ્તૃત ભાવવિશ્વ અને સંકુલ માનવસંબંધોનો પરિચય મળે છે.

## સંદર્ભ


1. सावन्त, शिवाजी 'युगन्धर', हिन्दी अनुवाद - मृणालिनी सावन्त भारतीय ज्ञानपीठ, नयी दिल्ली, चौथा संस्करण: ૨૦૦૪ आचमन.
2. એજન - પૃ. ૫૦૮.
3. એજન - પૃ. ૫૧૮.
4. એજન - પૃ. ૪૮૯.
5. એજન - પૃ. ૪૯૦.
6. એજન - પૃ. ૫૭૬.
7. એજન - પૃ. ૫૭૬.
8. એજન - પૃ. ૫૭૬.
9. એજન - પૃ. ૫૪૬.